સત્યમેવ જયતે

**નિયામક, સમાજ સુરક્ષા ખાતુ**
બ્લોક નં.૧૬, ભોંયતળિયે,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦ (ગુ. રા.)
ફોન નં.૦૭૯-૨૩૨૫૬૩૦૯
ફેક્સ નં. ૦૭૯-૨૩૨૫૬૦૮
dd2-dsd@gujarat.gov.in

નં.સસુખા/સીપીડી/સીસીસી-હિન્દી પરિક્ષા/૧૯-૨૦/ ૨૦૪૫ તા-૩૦ /૦૪/૨૦૧૯

વંચાણમાં–અત્રેની કચેરીનો પરિપત્ર નં.મકમ/હિન્દીપરીક્ષા મુક્તિ/૧૫-૧૬/૧૭૨૬ તા.૧૨/૦૫/૧૫

//પરિપત્ર//

વિષય:- વર્ગ – ૩ અને ૪ના કર્મચારીઓને હિન્દી પરિક્ષા/કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની સીસીસી પરિક્ષા માંથી મુકતી આપવા બાબત

નિયામક, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગર હસ્તકની જિલ્લા કચેરીના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગ ગાંધીનગર તરફથી મળેલ વખતો-વખતની સુચનાઓ તથા પરિપત્રોને ધ્યાને રાખી વર્ગ – ૩ અને ૪ના કર્મચારીઓને હિન્દી પરિક્ષા/કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની સીસીસી પરિક્ષામાંથી મુક્તિ આપવાની સત્તા કચેરીના વડાને પણ આપેલ હોય બાળ કલ્યાણક્ષેત્રે કાર્યરત તમામ સ્વૈચ્છિક સંસ્થાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને સરકારશ્રીના હિન્દી પરિક્ષા મુક્તિ વિષયકના તમામ અધ્યતન સુધારેલ ઠરાવો ધ્યાને લઇ હિન્દી પરિક્ષા/સીસીસી પરીક્ષા માંથી મુક્તિ આપવાના વિધિસર હુકમો કરવાની સત્તા સબંધિત જિલ્લા કક્ષાએથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને સોપવામાં આવે છે.

તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ તેઓની કક્ષાએથી આ બાબતેના અલગ હુકમો કરવાના રહેશે તથા તે અંગેની સબંધિત કર્મચારીઓની સેવાપોથીમાં તાત્કાલિક નોધ કરવાની રહેશે.

આ હુકમો માત્ર NGO કે જે ગ્રાન્ટ-ઇન-એઇડ-એઇડના ધોરણે કામ કરે છે અને જે કર્મચારીઓ નિયમીત ભરતીથી નિમણૂક પામેલા છે. તેમના કિસ્સામાં જ લાગુ પડશે. આ અંગેના વિધિસરના હુકમો જે તે સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ નિયમાનુસારની ચકાસણી કરીને કરવાના રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

નકલ રવાના-

- બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત તમામ સ્વૈચ્છિક સંસ્થાના વડાશ્રીઓને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી મારફત
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી તાત્કાલિક અમલ કરવા સારૂ.